જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૭/૨૦૨૬ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૪૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૧૫૪ લીટર દેશી દારૂ, ૧૩૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૨૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૬૮ બિયર ટીન, ૦૧ સ્કુટર, ૦૧ રીક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૬ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૯,૦૬૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૯૪૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૨૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૯૪૪/૨૦૨૬**

મણીનગરઃ નિરજભાઇ નલીનકાંત પંડ્યા (ઉ.વ.૫૮)(રહે.શુભમ એપાર્ટમેંટ, સિતાબાગ સોસાયટી પાસે, જયહિંદ ચાર રસ્તા પાસે મણીનગર) એ તા.૦૬/૦૭/૨૦૨૬ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે નિરજભાઇ પંડ્યા નાઓનો ચેક રીર્ટન થયેલ હોય, બેંકનો ચેક રીર્ટન થવાની સમસ્યાના સમાધાન સારૂ તા.૦૧/૦૭/૨૦૨૬ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે ગુગલ એપ પરથી બેંકનો નંબર સર્ચ કરતા યુકો બેંક નો હેલ્પ લાઇન નંબર– ૧૮૦૦૨૦૮૯૨૧૩ મળતા તેના ઉપર સંપર્ક કરતા મળેલ મોબાઇલ નંબર ૯૩૩૪૩૬૧૧૩૧ અને ૮૭૮૮૫૦૭૩૦૫ ના ધારક સાથે બેંકનો ચેક રીર્ટન થવાની સમસ્યાના સમાધાન સારૂ વાતચીત દરમ્યાન નિરજભાઇને વિશ્વાસમાં લઇ જરૂરી માહીતી મેળવી નિરજભાઇ પંડ્યાના બેન્ક ખાતામાંથી રૂપિયા ૯૭,૯૯૯/– અન્ય ખાતામાં ટ્રાન્સફર કરી લઇ ઓનલાઇન છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.પી.જાડેજા ચલાવે છે.

સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ– **સમાચાર યાદી નં.૯૪૫/૨૦૨૬**

ચાંદખેડાઃ વંદનાબહેન વા/ઓ રમેશભાઈ મકવાણા (ઉ.વ.૪૬)(રહે.ભુલાભાઈ પાર્ક–૧, માનસરોવર રોડ ચાંદખેડા) એ તા.૦૬/૦૭/૨૦૨૬ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૫/૨૦૨૬ સવારના ૬/૦૦ વાગ્યાના સુમારે ચાંદખેડા હિરાઘન ચોકડી પાસે આવેલ હેમાંગી ફ્લેટ સામે મોર્નીંગ વોક કરતા હતા ત્યારે એક પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ વંદનાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિંમત રૂપિયા ૬૦,૦૦૦/– ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જી.ડાભી ચલાવે છે.

મંદિરમાંથી ચોરીઃ– **સમાચાર યાદી નં.૯૪૬/૨૦૨૬**

નારણપુરાઃ સૌરભભાઈ શૈલેષભાઈ શાહ (ઉ.વ.૪૬)(રહે. પ્રગતિનગર, નારણપુરા) એ તા.૦૬/૦૭/૨૦૨૬ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૦૬/૨૦૨૬ કલાક ૩/૫૫ થી ૪/૨૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પ્રગતિનગર ચાર રસ્તા પાસે આવેલ "ગુણનિધિ શ્વે.મુ.પુ.જૈન સંઘ" દેરાસરની બાજુના બંગ્લાની દિવાલ કુદી, અજાણી વ્યક્તિ મંદીરમાં પ્રવેશ કરી, મંદીર પરીસરમા આવેલ પદ્માવતી માતાજીના મંદીરનું તાળું તોડી, મંદીરમાંથી માતાજીનો ચાંદીનો મુઘટ કિમત રૂપિયા ૫૦,૦૦૦/– અને ચાંદીનુ છત્ર કિમત રૂપિયા ૨૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૭૦,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પુ.પો.સ.ઇ.શ્રી ડિ.બી.પરમાર ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૯૪૭/૨૦૨૬**

ઘાટલોડીયાઃ રાજેશજી ડુંગરજી કલાલ (ઉ.વ.૫૮)(રહે.ઈરાની ચાલ હનુમાન મંદિર પાસે જવાહર રોડ ઘાટ કોપર ઈસ્ટ મુંબઇ) એ તા.૦૬/૦૭/૨૦૨૬ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૦૭/૨૦૨૬ સાંજના ૬/૧૦ થી ૬/૨૦ વાગ્યા દરમ્યાન સતાધાર ચાર રસ્તા BRTS બસસ્ટેન્ડ થી ભુયંગદેવ ચાર રસ્તા BRTS બસ સ્ટેન્ડ સુધીની AMTS બસમાં મુસાફરી દરમ્યાન બસમાં ભીડ હોવાથી રાજેશજી કલાલની પત્નીની નજર ચુકવી અજાણી વ્યક્તિએ રાજેશજી કલાલની પત્ની પાસેના મોટા પર્સની અંદર મુકેલ નાના ત્રણ પાકીટ ચોરી કરી લીધી હતી. જે પર્સમાં સોના–ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧૫,૦૦૦/– મળી કુલ રૂપિયા ૩,૦૦,૦૦૦/– મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.ચૌહાણ ચલાવે છે.

દાઝી જતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૯૪૮/૨૦૨૬**

વટવાઃ વટવા દુર્ગાનગર મકાન નંબર ૧૫૩ ખાતે ભાડાના મકાનમાં રહેતા કુમાર કોરીની ૯ માસની પુત્રી રૂમી તા.૦૨/૦૭/૨૦૨૬ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રૂમમાં પોકરથી ચાલતી હતી ત્યારે રમતા–રમતા ગરમ દૂધ ભરેલ તપેલીને હાથ મારી દેતા, ગરમ દૂધ રૂમી ઉપર પડતા શરીરે ગંભીર રીતે દાઝી જતા સારવાર અર્થે તેને એલ.જી.હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૬/૦૭/૨૦૨૬ સવારના ૬/૫૫ વાગે તેનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ટી.દેસાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૯૪૯/૨૦૨૬**

અમરાઈવાડીઃ જીતુભાઈ જીવણભાઈ કશ્યપ (ઉ.વ.૩૬)(રહે. વિકાસનગર, જનતાનગર, અમરાઈવાડી) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૭/૨૦૨૬ સાંજના ૭/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કૌશિકસિંહ દિપાજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી